કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૧ | ૯ નવેમ્બર, ૨૦૨૦, સોમવાર; નિ. આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દિવાળી ભેટ : હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરીનો પ્રારંભ

આ સર્વિસથી વેપારમાં સુવિધા વધશે, લોકોની કામ કરવાની સ્પીડ વધશે, તમામ વર્ગના લોકોને સારી કનેક્ટિવિટીનો લાભ મળશે

ભારતમાં સમુદ્રી દ્વાર તરીકે ગુજરાત પ્રખ્યાત થઈ રહ્યું છે : વડાપ્રધાન મોદી : સુરતથી સૌરાષ્ટ્ર માત્ર ચાર કલાકમાં પહોંચી શકાશે

અમદાવાદ, તા. ૮

મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હજીરા ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસનો આજે શુભારંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રો-પેક્સ ફેરીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું છે. ઘોઘા હજીરા રોપેક્ષ સેવાનો આજથી પ્રારંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ લોકાર્પણથી આ સુવિધાને ખુલ્લી મૂકી છે. લોકાર્પણ પહેલા ફેરીને દુલ્હનની જેમ શણગારવામાં આવી હતી. રો રો ફેરી ઉપરાંત ટર્મિનલ બિલ્ડીંગ અને આસપાસના વિસ્તારોને ઝગમગ લાઈટીંગથી શણગારવામાં આવી હતી. તો ઉદઘાટન પહેલા પીએમ મોદીએ વેપારીઓ સાથે વાત કરીને આ સુવિધા તેમના માટે કેટલી ફાયદાકારક બનશે તે જાણ્યું હતું. વેપારીઓએ આ સુવિધાથી સંતોષ માન્યો હતો.

લોકાર્પણ કર્યા બાદ તેઓએ કહ્યું કે, આ સર્વિસથી વેપારમાં સુવિધા વધશે, લોકોની કામ કરવાની સ્પીડ વધશે. આજે આ સુવિધાથી તમામ વર્ગના લોકોને સારી કનેક્ટિવિટીનો લાભ મળશે. જ્યારે આપણા લોકોની વચ્ચેની દૂર ઓછી થાય છે તો મનને સંતોષ થાય છે. આજે ગુજરાતના લોકોને દિવાળીના તહેવારની મોટી ભેટ મળી રહી છે. આ સર્વિસથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બંને

● અનુસંધાન પાન-૭ પર

હું તોડનારો નહીં જોડનારો રાષ્ટ્રપતિ બનીશ : બાઈડેન

૫ લાખ ભારતીયોને નાગરિકતા આપી શકે છે નવા પ્રમુખ બિડેન : અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન H-1B સહિત અન્ય ઉચ્ચ કૌશલ વીઝાની મર્યાદા પણ વધારી શકે છે

નવી દિલ્હી, તા.૮

જો બાઈડને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી માં ઐતિહાસિક જીત નોંધાવી છે. તેઓએ ડોનાલ્ડ ટ્રમ્પને પછડાટ આપી છે. ત્યારબાદ તેઓએ દેશને સંબોધિત કરતાં કહ્યું કે તેઓ વાયદો કરે છે કે તેઓ તોડનારા રાષ્ટ્રપ્રમુખ નહીં, પરંતુ એકજૂથ કરનારા રાષ્ટ્રપ્રમુખ બનશે. એવામાં એવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો બાઈડન અમેરિકામાં અપ્રવાસીઓની સમસ્યાઓનું પણ સમાધાન લાવવા માટે યોગ્ય પગલાં ભરી શકે છે. એવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો બાઈડન ૧૧ લાખ બિન દસ્તાવેજી અપ્રવાસીઓને અમેરિકન નાગરિકતાનો રસ્તો પણ સરળ કરી શકે છે. તેમાંથી લગભગ ૫ લાખ ભારતીય છે.

જો બાઈડને ચૂંટણી અભિયાનના દસ્તાવેજમાં કહ્યું હતું કે, બાઈડન તરત જ કૉંગ્રેસ (અમેરિકન સંસદ)ની સાથે કામ કરવાનું શરૂ કરી દેશે, જેથી ઈમ્બ્રિગેશન સુધાર સંબંધી કાયદો પસાર કરી શકાય, જે આપણી પ્રણાલીને આધુનિક બનાવે છે,

● અનુસંધાન પાન-૭ પર

અડવાણીજીનો જન્મદિવસ - ભાજપના મુખ્ય શિલ્પી અને વરિષ્ઠ અગ્રણી લાલકૃષ્ણ અડવાણીના નિવાસસ્થાને જન્મદિનની પ્રધાનમંત્રીએ ચરણ સ્પર્શ કરી કેક કાપી ઉજવણી કરી હતી...

ફિરોઝ નડિયાદવાલાના નિવાસસ્થાને એનસીબીના દરોડા : પત્નીની ધરપકડ

દરોડા દરમિયાન ૧૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળતા નડિયાદવાલાના પત્ની શબાના સઈદની ધરપકડ કરાઈ

નવી દિલ્હી, તા. ૮

ફિલ્મ નિર્માતા ફિરોઝ નડિયાદવાલાના ઘરે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ રેડ પાડી છે. શનિવારે મુંબઈમાં એનસીબીની એક મોટી ડ્રાઈવ ચાલી રહી છે. ભારે માત્રામાં ડ્રગ્સ મળ્યું હોવાની વાત સામે આવી છે. તપાસ હજુ ચાલી રહી છે.

ગત રાત્રે જ એનસીબીની ટીમે ઘણા ડ્રગ્સ પેડલર્સના ઘરે રેડ પાડી હતી. આ મામલે અત્યાર સુધી ૫ ડ્રગ્સ પેડલર્સને એનસીબીએ કસ્ટડીમાં લીધા છે. પકડાયેલા ડ્રગ્સ પેડલર્સએ જ પ્રોડ્યુસરનું નામ ઉજાગર કર્યું હતું. તમને જણાવી દઈએ કે ફિરોઝ નડિયાદવાલા હેરાફેરી, આવારા પાગલ દીવાના અને વેલકમ જેવી ઘણી હિટ ફિલ્મોના પ્રોડ્યુસર છે. આ પહેલાં ઈનકમ ટેક્સ બાકી હોવાના કેસમાં ફિરોઝ નડિયાદવાલાને ત્રણ

● અનુસંધાન પાન-૭ પર

એલઓસી પર ઘૂસણખોરી કરતા ત્રણ આતંકવાદી ઠાર

માછિલ સેક્ટરમાં BSFના કોન્સ્ટેબલ, આર્મીના કેપ્ટન, બે જવાને શહીદી વહોરી

શ્રીનગર, તા. ૮

ભારતીય સેનાના જાંબાઝોએ ફરી એકવખથ પાકિસ્તાનના ષડયંત્રને નિષ્ફળ કરી દીધું છે. આર્મીએ જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પાસે માછિલ સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવતા ત્રણ આતંકવાદીઓને ઠાર કરી દીધા. જોકે, આ ઓપરેશનમાં દેશ માટે ૪ જવાબ શહીદ થઈ ગયા. તેમાં આર્મીના એક કેપ્ટન, બે જવાન અને સીઆરપીએફના એક કોન્સ્ટેબલ સામેલ છે.

ડિફેન્સ પ્રવક્તા કર્નણ રાજેશ કાલિયાએ કહ્યું કે, સેનાની પેટ્રોલિંગ ટીમે ઘૂસણખોરી કરી રહેલા આતંકવાદીઓને રોક્યા, તે પછી અથડામણ થઈ ગઈ. ૭-૮ નવેમ્બરની રાત્રે એક કલાકે નિયંત્રણ રેખા પર માછિલ સેક્ટર (ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં) નજીક પેટ્રોલિંગ ટીમે કેટલાક અજાણ્યા લોકોને શંકાસ્પદ ગતિવિધિઓ કરતા જોયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

પાવન સ્મરણ

વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા

મહાપ્રયાણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

ન જાયતે મ્રિયતે વા કદાચિ-
ન્નાયં ભૂત્વા ભવિતા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો
ન હન્યતે હન્યમાને શરીરે ॥

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી,
ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે.
શરીરે હણવાથી તે હણાતો નથી

॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

આજે અઢારમી પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને
શત્ શત્ વંદન...

। કૃષ્ણકાન્ત - સ્મિતા ।
। ભાગ્યેશ - ઝરણા । પ્રકાશ - વંદના ।
। જાગૃતિ - બિપીનચંદ્ર । ચારૂ - દર્શનકુમાર ।
। પ્રાર્થના - અનિષ । લજ્જા - વત્સલ ।
। ચિન્મય - વૈભવી । વિધિ - યશ ।
। શુભાંગ । કૃપાંશી । યશસ્વી ।

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. પરસોત્તમભાઈ માધવલાલ પટેલ

સ્વર્ગવાસ તા. ૭/૧૧/૨૦૨૦, શનિવાર

પૂર્વ ચેરમેન - ધી ગાંધીનગર અર્બન કો ઓપરેટીવ બેન્ક લી.

દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી,
અમારા હૃદયમાંથી તમારો વિલય થશે નહીં,
તમારો કુટુંબપ્રેમ, સ્નેહાળ અને મિલનસાર સ્વભાવ,
ધાર્મિક ભાવના અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યોનું સ્મરણ કરી
આપને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ...

પ્રહલાદભાઈ એસ. પટેલ - મેનેજિંગ ડિરેક્ટર
કાલીદાસ વી. પટેલ - ચેરમેન
પ્રકાશભાઈ આર. પટેલ - વાઈસ ચેરમેન

ડિરેક્ટર્સ

ડાહ્યાભાઈ ટી. પટેલ, નટવરલાલ આર. પટેલ, ભાવનાબેન બી. પટેલ
બીપીનભાઈ વી. પટેલ, પ્રહલાદભાઈ આઈ. પટેલ, ઉર્વીબેન પી. પટેલ
ચંદુભાઈ એચ. પટેલ, ગણેશભાઈ એસ. પટેલ, ગિરીશચંદ્ર ટી.જાટકિયા
અશોકકુમાર સી. પટેલ, ડાહ્યાભાઈ એસ. પરમાર, મનોજભાઈ એચ. લેકિનવાલા
ગોવિંદભાઈ એમ. પટેલ - જનરલ મેનેજર

તથા સમસ્ત કર્મચારી ગણ

ટેલીફોનિક બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

પરસોત્તમભાઈ માધવલાલ પટેલ

તા. ૭/૧૧/૨૦૨૦ને શનિવારે દેવલોક પામ્યા છે.

સદ્ગતનું ટેલીફોનિક બેસણું

તા. ૯/૧૧/૨૦૨૦ને સોમવારે
સવારે ૯-૦૦ થી ૧૧-૦૦
દરમિયાન રાખેલ છે.

પંકજકુમાર પરસોત્તમભાઈ પટેલ - મો. ૯૯૭૮૪૦૮૮૮૦
પરેશકુમાર પરસોત્તમભાઈ પટેલ - મો. ૯૩૨૮૮૭૩૬૪૬
કૃપેશ પંકજકુમાર પટેલ - મો. ૯૯૭૯૭૭૦૦૮૬
પટેલ હાર્દિક પરેશકુમાર
પટેલ આયુશી પરેશકુમાર
પટેલ ઉર્વીબેન પંકજકુમાર
પટેલ જીગીશા પરેશકુમાર
પટેલ પૂર્વા કૃપેશ
પટેલ જ્યોત્સનાબેન બિપીનકુમાર
પટેલ કોકિલાબેન જગદીશકુમાર

સ્વ. માધવલાલ હાથિદાસ પરિવાર (ગોવિંદપુરાવાળા)